ટેલિફોન : ૨૬૩૦૧૩૩૩
ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
એસ્ટેટ વિભાગ
રૂમ નંબર-૧,
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
www.gujaratuniversity.org.in

Phone : 26301333
FAX : (079) 26302823, 26306194
Estate Department,
Room No. 1
OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA).
Email :
Email : guestate@gmail.com

તા. ૧૩/૦૭/૨૦૧૭

ગુજરાત યુનિવર્સીટી બાંધકામ સમિતિની એક સભા તા. ૧૩/૦૭/૨૦૧૭ ના રોજ સાંજે ૦૪.૦૦ કલાકે યુનિવર્સીટી કાર્યાલયમાં મળી હતી. જેનું પ્રમુખ સ્થાન મા. કુલપતિશ્રી ડૉ. હિમાંશુ પંડ્યા સાહેબે સંભાળ્યું હતું. જેમાં સભ્યશ્રીઓની હાજરી નીચે મુજબ હતી.

(૧) મા. કુલપતિશ્રી
ડૉ. હિમાંશુ પંડ્યા - હાજર
(૨) શ્રી મહેશભાઈ કસવાલા
સીન્ડીકેટ સભ્યશ્રી - હાજર
(૩) શ્રી પંકજભાઈ શુક્લા
સીન્ડીકેટ સભ્યશ્રી - હાજર
(૪) ડૉ. વનરાજસિંહ ચાવડા
સીન્ડીકેટ સભ્યશ્રી - હાજર
(૫) ડૉ. ધવલભાઈ પટેલ
સીન્ડીકેટ સભ્યશ્રી - હાજર
(૬) કાર્યપાલક ઈજનેરશ્રી વતી
શ્રી મહેશભાઈ ગોર - ગેરહાજર
માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય સરકારશ્રી)

બાબત ક્રમાંક: (૧) તા. ૨૯/૦૫/૨૦૧૭ ના રોજ મળેલ બાંધકામ સમિતિની કાર્યવાહી નોંધ મંજુર કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૧) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એકઝ્યુકેટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, તા. ૨૯/૦૫/૨૦૧૭ ની બાંધકામ સમિતિની કાર્યવાહી નોંધ મંજુર કરવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૨) **Design, Supply and Erection of PEB structure with Allied Civil Works at GUSEC Building, Gujarat University.** ના કામ માટે અંદાજીત રૂ. ૫૫,૮૭,૭૨૪/- ની રકમનું ટેન્ડર મંગાવવામાં આવેલ હતું. જે કામે માત્ર એક ઈજારદારશ્રી વેદાંગ એન્ટરપ્રાઈઝ દ્વારા ટેકનીકલ બીડ ભરવામાં આવેલ. તે

કામના પ્રી-કવાલીફીકેશન રીપોર્ટ યુનિવર્સીટી દ્વારા નિયુક્ત કન્સલ્ટન્ટ ઓક્ટર્સ દ્વારા રજૂ થયેલ છે અને ઈજારદારશ્રીને ટેકનીકલી ક્વાલીફાઈ જાહેર કરવામાં આવેલ છે. એક માત્ર ટેન્ડર મળેલ હોવાથી ફાઈનાન્સિયલ બીડ ખોલવા અંગે ચર્ચા.

ઠરાવ ક્રમાંક: (૨) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝ્યુકેટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સીટીના GUSEC બિલ્ડીંગ ઉપર ઉપરોક્ત સિવિલ કામ અંગે જાહેર ખબર આપી ઈ-ટેન્ડર દ્વારા ભાવો મંગાવવામાં આવેલા હતા. જેની સમયમર્યાદામાં ફક્ત એક જ ઈજારદારશ્રી વેદાંગ એન્ટરપ્રાઈઝનું ટેકનીકલ બીડ આવેલ હતું. જે યુનિવર્સીટી દ્વારા નિયુક્ત કન્સલ્ટન્ટ ઓક્ટર્સ દ્વારા ટેકનીકલી ક્વાલીફાઈડ જાહેર કરવામાં આવેલ છે. જેથી હવે ઈજારદારશ્રી વેદાંગ એન્ટરપ્રાઈઝનું ફાઈનાન્સિયલ બીડ ખોલીને તેમને વર્ક ઓર્ડર આપવાની આનુષાંગિક કાર્યવાહી કરવાની સત્તા મા. કુલપતિશ્રીને સોંપવી.

બાબત ક્રમાંક: (૩) યુનિવર્સીટી ખાતે નવી લાઈબ્રેરીના મકાનના ગ્રાઉન્ડ + ચાર માળના અંદાજીત ૪,૩૭૯ ચો.મી. ના બાંધકામ માટે માધવ એન્જીનીયર્સ અને કન્સલ્ટન્સી દ્વારા રૂ. ૭,૪૯,૮૦,૫૦૦ ની રકમના ટેન્ડર ડ્રાફ્ટ રજૂ થયેલ છે. કામની જાહેરાત આપવા બાબતે ચર્ચા.

ઠરાવ ક્રમાંક: (૩) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સીટી ખાતે લાઈબ્રેરીના નવા મકાનના બાંધકામ માટે યુનિવર્સીટી દ્વારા નિયુક્ત કન્સલ્ટન્ટ માધવ એન્જીનીયર્સ અને કન્સલ્ટન્સી દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્લાન, અંદાજો તેમજ ટેન્ડર મુસદ્દો મંજુર કરવાનું રાખવું તેમજ આ કામગીરી રૂ. ૫ કરોડની મર્યાદામાં કરાવવા સારૂ ટેન્ડર ડ્રાફ્ટ સુધારી તે પ્રમાણે વર્તમાનપત્રોમાં જાહેરખબર આપી ઈ-ટેન્ડર દ્વારા ટેન્ડરો મંગાવી આગામી સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૪) યુનિવર્સીટીની સિક્યોરિટી સર્વિસનો કરાર તા. ૩૧/૦૭/૨૦૧૭ ના રોજ પૂર્ણ થાય છે. નવા ટેન્ડર મંગાવવા સારૂ ટેન્ડર ડ્રાફ્ટની ચર્ચા.

ઠરાવ ક્રમાંક: (૪) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સીટી કેમ્પસ પરના મકાનો વિગેરે માટેનો મે. શિવ સિક્યોરિટી સર્વિસીસનો સિક્યોરિટી સર્વિસનો કરાર તા. ૩૧/૦૭/૨૦૧૭ ના રોજ પૂર્ણ થતો હોઈ આગામી તા. ૦૧/૦૮/૨૦૧૭ થી ૩૦/૧૦/૨૦૧૭ સુધી ત્રણ માસ માટે જુના ભાવથી લંબાવવાનું રાખવું અને નવેસરથી ટેન્ડર કરવા માટે તેનો ટેન્ડર મુસદ્દો તૈયાર કરી કમિટીના સભ્યશ્રીઓ (૧) પંકજભાઈ શુક્લા (૨) વનરાજસિંહ ચાવડા અને (૩) ડૉ. ધવલભાઈ પટેલ પાસે ચકાસણી કરાવી આગામી સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૫) યુનિવર્સીટીમાં આવેલ કેન્ટીન ભાડેથી આપવા નવા ટેન્ડર મંગાવવા સારૂ ટેન્ડર ડ્રાફ્ટની ચર્ચા.

ઠરાવ ક્રમાંક: (૫) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સીટી ખાતે કેન્ટીન ચલાવવા માટેનો ટેન્ડર મુસદ્દો તૈયાર કરી કમિટીના સભ્યશ્રીઓ (૧) પંકજભાઈ શુક્લા (૨) વનરાજસિંહ ચાવડા અને (૩) ડૉ. ધવલભાઈ પટેલ પાસે ચકાસણી કરાવી આગામી સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૬) યુનિવર્સીટીની હાઉસકીપીંગ સર્વિસનો કરાર પૂર્ણ થયેલ છે. તે માટે તા. ૧૫/૦૨/૨૦૧૭ ની જાહેર નિવિદાથી ઈ-ટેન્ડર પ્રક્રિયાથી નવેસરથી ટેન્ડર મંગાવેલ હતા. આ ટેન્ડરમાં યુનિવર્સીટીના ભવનો/મકાન દીઠ ૮ કલાકની ફરજ માટે લઘુત્તમ કામદારોની સંખ્યા ફરજીયાત કરવામાં આવેલ. ટેન્ડરમાં અલગ-અલગ ભવન, કાર્યાલય વિગેરેમાં  કુલ ૧૮૫ કામદારો દૈનિક ધોરણે ફરજીયાત રાખવાની જોગવાઈ હતી. આ કામે હાર્દિક કન્સ્ટ્રકશન કં. નું L1 ટેન્ડર ટેન્ડરની અંદાજીત રકમ રૂ. ૨ કરોડ સામે ૧,૮૩,૨૧,૪૫૬ + સર્વિસ ટેક્ષનું આવેલ. તા. ૧૫/૦૩/૨૦૧૭ ની બાંધકામ સમિતિમાં આ બાબતે ઠરાવ ક્રમાંક: (૧૭) થયેલ છે કે, યુનિવર્સીટીમાં મોટાપાયે રીનોવેશનની ચાલતી કામગીરી તેમજ નવીનીકરણના ભાગરૂપ વિકાસ કાર્યોને ધ્યાને લઇ હાલ ટેન્ડર મોકૂફ રાખવું અને નવેસરથી ટેન્ડર કરવા અંગે સફાઈ ટેન્ડરમાં સરકારશ્રીના લઘુત્તમ ચૂકવણાના ધારાધોરણો તેમજ નવી સવલતોનો ઉમેરો કરવાનો, તેમજ કાર્યાલયો અને ભવનોમાં સફાઈ કામદારોની ફાળવણી માટે નીતિ બનાવવી તેમજ સાંપ્રત ધારાધોરણોનો નવી ટેન્ડર પ્રક્રિયામાં સમાવેશ કરવાનું રાખી નવેસરથી ટેન્ડર પ્રક્રિયા કરવાનું ઠરાવેલ. આમ ઉપર મુજબના ઠરાવના સંદર્ભમાં નવો ટેન્ડર ડ્રાફ્ટ બનાવવા અંગે ચર્ચા.

ઠરાવ ક્રમાંક: (૬) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સીટી કેમ્પસ પરના મકાનો, હોસ્ટેલો, સ્ટાફ ક્વાર્ટસ વિગેરેની સાફસફાઈની કામગીરી કરાવવા અંગે અગાઉ ઉપરોક્ત બાબત પ્રમાણે કાર્યવાહી કરવામાં આવેલ હતી. જેના ભાવો ઉંચા આવતા જે તે સમયે આ ટેન્ડર કાર્યવાહી મોકૂફ રાખવામાં આવેલ હતી. તો હવે આ ટેન્ડરમાં સુધારા-વધારા કરી નવો મુસદ્દો તૈયાર કરી કમિટીના સભ્યશ્રીઓ (૧) પંકજભાઈ શુક્લા (૨) વનરાજસિંહ ચાવડા અને (૩) ડૉ. ધવલભાઈ પટેલ પાસે ચકાસણી કરાવી આગામી સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૭) કમ્પાઉન્ડ વોલ તેમજ વેલ્ડમેસ જાળીનું કામ માઈલસ્ટોન કન્સ્ટ્રકશન કં. નું મંજુર થયેલ હતું. આ કામના ટેન્ડર વર્તમાનપત્રમાં જાહેરખબર આપી ઈ-ટેન્ડર પધ્ધતિથી મંગાવવામાં આવેલ હતા. જેમાં સૌથી નીચા ભાવ માઈલસ્ટોન કન્સ્ટ્રકશન કં. ના રૂ. ૫૨,૬૯,૫૦૦ આવેલ. આ કામનો વર્ક ઓર્ડર તા. ૧૯/૦૫/૨૦૧૫ થી આપવામાં આવેલ જે માટે ખર્ચ કરવાની મંજુરી બાંધકામ સમિતિની સભા તા. ૧૫/૦૬/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક-(૮) થી મળેલ હતી. EC સભા તા. ૧૭/૦૬/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક-(૧૯) થી આ બાંધકામ સમિતિ (તા. ૧૫/૦૬/૨૦૧૫ ઠરાવ ક્રમાંક-(૮)) ની ભલામણ સ્વીકારવામાં આવેલ. આ કામના ટેન્ડરની શરત નં. ૨૪ પ્રમાણે સર્વિસ ટેક્ષની રકમ મંજુર થયેલ ટેન્ડર રકમ ઉપરાંત ઈજારદારશ્રીને યુનિવર્સીટીએ ચૂકવી આપવાની થાય, પરંતુ આ બાબતની સ્પસ્ટતા કામના વર્ક ઓર્ડર તેમજ બાંધકામ સમિતિ તા. ૧૫/૦૬/૨૦૧૫ ની સભામાં થયેલ ન હોઈ ઈજારદારશ્રીએ કામ પૂર્ણ કર્યા છતાં સર્વિસ ટેક્ષની રકમ ચૂકવી આપવાની બાકીમાં છે. આ કામ, કામ પૂર્ણતા પ્રમાણપત્ર અનુસાર તા. ૦૭/૦૮/૨૦૧૫ ના રોજ પૂર્ણ થયેલ છે. ટેન્ડર શરત અનુસાર ઇજારદારશ્રીએ આ કામમાં ચુકવવાની બાકી રહેતી રકમ રૂ. ૨,૯૫,૦૭૪ તેઓને ચૂકવી આપવા માંગણી કરેલ છે. આ પ્રકારે અન્ય કામોમાં પણ પરિસ્થિતિ હોઈ તા. ૨૫/૦૭/૨૦૧૬ ની બાંધકામ સમિતિના ઠરાવ ક્રમાંક-(૨૮.૦૩) થી નિર્ણય લેવાયેલ કે બાંધકામ સમિતિમાં થયેલ ઠરાવોમાં મૂળ ખર્ચ લખેલ હોય પરંતુ ટેક્ષનો ઠરાવમાં ઉલ્લેખ થયેલ ન હોય તેવા કિસ્સામાં ઈ-ટેન્ડરની શરતો તથા CA ઓડીટ અને ઓડીટને આધીન ખર્ચ મંજુર કરવાનું રાખવું. EC સભા તા. ૧૪/૧૦/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક-(૧૦) થી ઉપરોક્ત તા. ૨૫/૦૭/૨૦૧૬ ની બાંધકામ સમિતિની ભલામણ સ્વીકાર રાખેલ છે.

આ કામમાં રૂ. ૨,૯૫,૦૭૪ ની સર્વિસ ટેક્ષની રકમ ઈજારદારશ્રીને ચુકવવાની બાકી છે. જે અંગે જે તે ભવન ખાતે ખર્ચ ઉધારવાની શરતે રકમ ચૂકવી આપવા બાબતે વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૭) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સીટી કેમ્પસ પર કમ્પાઉન્ડ વોલ તેમજ વેલ્ડમેસ જાળીનું કામ માઈલસ્ટોન કન્સ્ટ્રકશન કં. ને તા. ૧૯/૦૫/૨૦૧૫ ના વર્ક ઓર્ડરથી આપવામાં આવેલ. તેઓને આ કામગીરી દરમિયાન સર્વિસ ટેક્ષની રકમ ચુકવવામાં આવેલ નથી. જેથી તે સમયે કરેલ ટેન્ડરની શરત નં. ૨૪ પ્રમાણે સર્વિસ ટેક્ષની રકમ યુનિવર્સીટીએ ચૂકવી આપવાની થતી હોઈ સર્વિસ ટેક્ષની રકમ રૂ. ૨,૯૫,૦૭૪ નો ખર્ચ મંજુર કરવાનું રાખવું અને આ થયેલ ખર્ચ કેમ્પસ ડેવલપમેન્ટ ફંડ ખાતે પાડવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૮)

ફોરેન્સિક વિભાગના રેકટીફીકેશન અને એક્ષપાન્સનનું કામ કે. બી. બિલ્ડર્સનું મંજુર થયેલ હતું. આ કામના ટેન્ડર વર્તમાનપત્રમાં જાહેરખબર આપી ઈ-ટેન્ડર પધ્ધતિથી મંગાવવામાં આવેલ હતા. જેમાં સૌથી નીચા ભાવ કે. બી. બિલ્ડર્સ ના રૂ. ૬૦,૪૭,૭૮૯ આવેલ. આ કામનો વર્ક ઓર્ડર તા. ૦૬/૦૪/૨૦૧૫ થી આપવામાં આવેલ જે માટે ખર્ચ કરવાની મંજુરી બાંધકામ સમિતિની સભા તા. ૧૫/૦૬/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક-(૫) થી મળેલ હતી. EC સભા તા. ૧૭/૦૬/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક-(૧૯) થી આ બાંધકામ સમિતિ (તા. ૧૫/૦૬/૨૦૧૫ ઠરાવ ક્રમાંક-(૫)) ની ભલામણ સ્વીકારવામાં આવેલ. આ કામના ટેન્ડરની શરત નં. ૨૪ પ્રમાણે સર્વિસ ટેક્ષની રકમ મંજુર થયેલ ટેન્ડર રકમ ઉપરાંત ઈજારદારશ્રીને યુનિવર્સીટીએ ચૂકવી આપવાની બાકી છે. પરંતુ આ બાબતની સ્પસ્ટતા કામના વર્ક ઓર્ડર તેમજ બાંધકામ સમિતિ તા. ૧૫/૦૬/૨૦૧૫ ની સભામાં થયેલ ન હોઈ ઈજારદારશ્રીએ કામ પૂર્ણ કર્યા છતાં ચૂકવી આપવામાં આવેલ નથી. આ કામ તા. ૨૨/૦૨/૨૦૧૬ ના રોજ પૂર્ણ થયેલ છે. ટેન્ડર શરત અનુસાર ઇજારદારશ્રીને આ કામમાં ચુકવવાની બાકી રહેતી રકમ રૂ. ૧,૩૧,૬૦૦ તેઓએ ચૂકવી આપવા માંગણી કરેલ છે. આ કામમાં કન્સલ્ટન્ટ તરીકે મોકા-ડેલ્ફ હતા. કન્સલ્ટન્ટશ્રી અને CA શ્રી ઉદય શાહ દ્વારા બીલના સર્ટીફીકેશન થયેલ છે. રનીંગ એકાઉન્ટ બિલ ૩ અને ફાઈનલ બિલના CAના સર્ટીફીકેટ અનુસાર આ કામમાં સર્વિસ ટેક્ષ સિવાય રૂ. ૫૬,૨૫,૬૯૬ નો ખર્ચ પડેલ છે અને સર્વિસ ટેક્ષની રકમ રૂ. ૫,૫૩,૬૯૩ સાથે કુલ ખર્ચ રૂ. ૬૧,૬૯,૩૮૯ નો ખર્ચ થાય છે. બાંધકામ સમિતિના ઠરાવ પ્રમાણે મંજુર થયેલ કામની રકમ રૂ. ૬૦,૪૭,૭૮૯ કરતા આ કુલ ખર્ચ (રૂ. ૬૧,૬૯,૩૮૯) રૂ. ૧,૩૧,૬૦૦ વધુ થવાથી તે રકમ ફાઈનલ બીલમાં વિથ હેલ્ડ રાખેલ છે. ખર્ચ વધવાનું કરણ સર્વિસ ટેક્ષના કારણે છે. આ પ્રકારે અન્ય કામોમાં પણ પરિસ્થિતિ હોઈ તા. ૨૫/૦૭/૨૦૧૬ ની બાંધકામ સમિતિના ઠરાવ ક્રમાંક-(૨૮.૦૩) થી નિર્ણય લેવાયેલ કે બાંધકામ સમિતિમાં થયેલ ઠરાવોમાં મૂળ ખર્ચ લખેલ હોય પરંતુ ટેક્ષનો ઠરાવમાં ઉલ્લેખ થયેલ ન હોય તેવા કિસ્સામાં ઈ-ટેન્ડરની શરતો તથા CA ઓડીટ અને ઓડીટને આધીન ખર્ચ મંજુર કરવાનું રાખવું. EC સભા તા. ૧૪/૧૦/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક-(૧૦) થી ઉપરોક્ત તા. ૨૫/૦૭/૨૦૧૬ ની બાંધકામ સમિતિની ભલામણ સ્વીકાર રાખેલ છે.

આ કામમાં ચુકવણા માટે બાકી રહેતી રકમ રૂ. ૧,૩૧,૬૦૦ ( કે જે સર્વિસ ટેક્ષ ને કારણે છે) તે રકમ ઈજારદારશ્રીને ચુકવવાની બાકી છે. જે અંગે જે તે ભવન

ખાતે ખર્ચ ઉધારવાની શરતે રકમ ચૂકવી આપવા બાબતે વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૮) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સીટીના ફોરેન્સિક વિભાગના રેકટીફીકેશન અને એક્ષપાન્સનનું કામ કે. બી. બિલ્ડર્સને તા. ०૬/०૪/૨૦૧૫ ના વર્ક ઓર્ડરથી આપવામાં આવેલ. તેઓને આ કામગીરી દરમિયાન સર્વિસ ટેક્ષની રકમ ચુકવવામાં આવેલ નથી. જેથી તે સમયે કરેલ ટેન્ડરની શરત નં. ૨૪ પ્રમાણે સર્વિસ ટેક્ષની રકમ યુનિવર્સીટીએ ચૂકવી આપવાની થતી હોઈ સર્વિસ ટેક્ષની રકમ રૂ. ૧,૩૧,૬૦૦ નો ખર્ચ મંજુર કરવાનું રાખવું અને આ થયેલ ખર્ચ ફોરેન્સિક વિભાગ ખાતે પાડવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૯) ગુજરાત યુનિવર્સીટીના શોપીંગ સેન્ટરની બાજુમાં આવેલ જગ્યા/મકાન અમુલ પાર્લરને વપરાશ માટે આપેલ છે. કરાર મુજબ અમુલ પાર્લર દ્વારા પ્રતિ માસ તેમના ગ્રોસ ટર્ન ઓવરના ૧% લેખેની રકમ ઉપરાંત રૂ. ૮૦૦ વોટર અને ડ્રેનેજ ચાર્જ પ્રમાણે યુનિવર્સીટીને ચૂકવી આપવામાં આવે છે. આ કરાર શરત નં. ૧૦ મુજબ પાંચ વર્ષ માટેનો છે. જેની મુદત માર્ચ-૨૦૧૪ માં પૂર્ણ થઇ ગયેલ છે. ત્યારબાદ કરાર રીન્યુ થયેલ નથી. નવો કરાર કરવા અને સર્વિસ ચાર્જ વધારવા બાબતે ચર્ચા.

ઠરાવ ક્રમાંક: (૯) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત કેમ્પસ પર શોપીંગ સેન્ટરની બાજુમાં આવેલ અમુલ પાર્લર ચલાવવાનો કરાર પાંચ વર્ષ માટેનો હતો. જેની મુદત માર્ચ-૨૦૧૪ માં પૂર્ણ થઇ ગયેલ હોઈ, અમુલ પાર્લર ખાલી કરાવવા અંગે લેખિત નોટીસ આપવી.

બાબત ક્રમાંક: (૧૦) ગુજરાત યુનિવર્સીટી ખાતે આઈ.એ.એસ. ટ્રેનીંગ સેન્ટર અને અન્ય વિભાગના વિસ્તરણના કામે યુનિવર્સીટી દ્વારા નિયુક્ત કન્સલ્ટન્ટ ઓક્ટર્સ દ્વારા પ્લાન એસ્ટીમેટ તેમજ ટેન્ડર મુસદ્દો તૈયાર કરી, યુનિવર્સીટી દ્વારા ઈ-ટેન્ડર પ્રક્રિયા, વર્તમાનપત્રમાં જાહેર ખબર આપી કરવામાં આવેલ. જે મુજબ પ્રિ-ક્વોલિફાય થયેલ ૨ ઈજારદારશ્રી પૈકી આ કામ માટેના અંદાજ રૂ. ૫,૩૭,૩૬,૭૦૦ સામે સૌથી ઓછો ભાવ (L1) રૂ. ૪,૬૧,૨૦,૭૮૨ + સર્વિસ ટેક્ષ એજન્સી Tripur Builders ના આવેલ છે. તા. ૧૫/૦૩/૨૦૧૭ ની બાંધકામ સમિતિની બાબત ક્રમાંક: (૧૬) માં ત્રિપુર બિલ્ડર્સને વર્ક ઓર્ડર આપવા ચર્ચા વિચારણા થયેલ. જેમાં ઠરાવ ક્રમાંક : (૧૬) થી ઠરાવવામાં આવેલ કે, આઈ.એ.એસ. ટ્રેનીંગ સેન્ટર સિવાયના માઈક્રોબાયોલોજી અને લાઈબ્રેરીના રીનોવેશનના કામનો (L1) ને વર્ક ઓર્ડર આપવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવી. તદઅનુસાર રૂ. ૬૩,૨૮,૭૯૩ નો વર્ક ઓર્ડર આપેલ છે, જયારે આઈ.એ.એસ. ટ્રેનીંગ સેન્ટરના

અંદાજીત રકમ રૂ. ૩,૯૭,૯૧,૯૮૯ + ટેક્ષનો વર્ક ઓર્ડર આપવાનો બાકી છે. આ વર્ક ઓર્ડર આપવા બાબતે ચર્ચા.

ઠરાવ ક્રમાંક : (૧૦) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, આઈ.એ.એસ. ટ્રેનીંગ સેન્ટરના રીનોવેશનના કામનો વર્ક ઓર્ડર (L1) આવેલ ત્રિપુર બિલ્ડર્સના ટેન્ડર ભાવથી વર્ક ઓર્ડર આપવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવી. આ ખર્ચ રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ ખાતે પડશે.

બાબત ક્રમાંક: (૧૧) તાજેતરમાં ગુજરાત યુનિવર્સીટી ખાતે સેનેટ હોલ નવીનીકરણ પામેલ છે. બહારની સંસ્થાઓ દ્વારા હોલમાં કાર્યક્રમો યોજવા માટે અવારનવાર પુછપરછ થતી હોય છે. હોલ ભાડેથી આપવા માટે ભાડાના દર પત્રક "અ" મુજબ નક્કી કરવા માટે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક : (૧૧) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સીટી ખાતે સેનેટ હોલમાં બહારની સંસ્થાઓ દ્વારા કાર્યક્રમો યોજવા માટે પત્રક "અ" મુજબના ભાડાના દર તેમજ શરતથી આપવાનું ઠરાવવામાં આવ્યું.

કા. કુલસચિવ

પત્રક : "અ"

બાંધકામ સમિતિ તા: 13/07/2017 ના ઠરાવ ક્રમાંક : 11 નું બીડાણ.

# GUJARAT UNIVERSITY

## Navarangpura , Ahmedabad-380009

## Facility Requisition Form

Name of Organization : ________________________________________.

Address : ____________________________________________________.

Name & Designation of Nodal Person : _____________________________.

Contact Number : (M)________________.

Date of Event : / / Time: Form:____________. To:____________.

Name of Event :)____________________. Expected Number of Participants :____________.

Mention , If any VVIP/VIP Guest is Coming for the Event (With Timing ) :_________________.

- Facility : Please tick in appropriate box.

| Facilirty | One Day | | | |
|---|---|---|---|---|
| | Rental Charges | Deposit | Electricity Charge | Tick |
| Senate Hall | 15000 | 25000 | 10000 | |
| Zoology | 5000 | 5000 | 3000 | |
| Botany | 5000 | 5000 | 3000 | |
| Physics | 5000 | 5000 | 3000 | |
| Psycology | 5000 | 5000 | 3000 | |
| Chemistry | 5000 | 5000 | 3000 | |
| School of Commrece | 5000 | 5000 | 3000 | |

Note : Electricity Charges upto ten hours after that hour base extra charges will be counted.

Details of Various facilities and Terms & Condition :_________________________.

| | Auditorium | Classroom | Conference Room | Confluence Space | Exhibition Hall |
|---|---|---|---|---|---|
| Facilities | LCD/OHP, Collar Mic , Furniture for Stage Registartion Desk | LCD/OHP Black Board | LCD/OHP | | Stands for Panels |
| Preparation Timings before the event | 2 hours | 15 Minutes | 30 Minutes | 1 hour | 1 hour |
| Terms & Conditions | • Booking should be done well in advance.<br>• The permission for use will be granted subject to availability , Guj Uni reserves the right to appove requisition.<br>• The place will be allotted to the organizer for time specified as per the booking.<br>• No extension of time in any services will be ppermissible in case of disruption.<br>• The facility should be handed over to Guj Uni intact.<br>• All the participants are requested to maintain the ambience of the campus.<br>• All the participants are requested toensure that no physical alterations or modification are done.<br>• Eating and catering services to be done only in the specified areas.<br>• In case of controversy / dispute, the jurisdiction of court will be Ahmedabad only.<br>• Cooking is strictly prohibited & the party will be liable for the insurance of the event. | | | | |

Date :____________Place :________________________Sign : _______________.

ount received by : Cheque / D.D. number :___________________________.

Note:In case of Event Hours Extended, then the charges for the Extra hours will be deducted form Desposit.

**For Office use only**

Whether all facilities (As mentioned in Table )are in working condition ?YES/NO.

Details of Damage :________________________________________________.

Details of Missing items :____________________________________________.

**Signature of Programme officer** **Signature of Director/OSD** **Signature of Coordinator**